## 1.'ઇતિહાસ લેખન' એટલે શું? તે જાણવાનાં સાધનો જણાવો.

- ભારતને પોતાનો આગવો અને વિસ્તૃત ઇતિહાસ છે. ભારતની ભૌગોલિક પરિસ્થિતિએ તેનો ઇતિહાસ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભારતમાં વરસાદ, આબોહવા, ભૂપૃષ્ઠ વગેરેની દૃષ્ટિએ વિભિન્ન પ્રદેશોમાં મોટો તફાવત જોવા મળે છે. આ પ્રાદેશિક ભિન્નતા સાંસ્કૃતિક દૃષ્ટિએ વિવિધતાસભર બની છે. અનેક પ્રજાતિ અને સંસ્કૃતિઓના સમન્વયમાંથી મહાન ભારતીય સંસ્કૃતિનો જન્મ થયો છે.

  ઇતિહાસ એ ભૂતકાળની ઘટનાઓનું સમય અને સ્થળના સંદર્ભમાં એકત્રીકરણ, પૃથક્કરણ અને સંશોધન કરતું શાસ્ત્ર છે. પ્રાચીન સમયમાં ઇતિહાસ એ રાજા, મહારાજાઓ, સામંતો, ધર્મગુરુઓ, યુદ્ધો કે તારીખોનો અહેવાલ ગણાતો હતો. ઇતિહાસકારો રાજાઓ સાથે યુદ્ધમાં હાજર રહીને યુદ્ધનું આલેખન કરતા. તેઓ રાજાઓના આશ્રિતો હોવાથી તેમના વિજયો અને સિદ્ધિઓનાં અતિશયોક્તિભર્યા લખાણ લખતા. આથી તેમનાં લખાણો ઓછાં વિશ્વસનીય ગણાય છે.

  ઇતિહાસની પ્રાચીન લેખન પદ્ધતિ વર્ણનાત્મક હતી. તેમાં પુરાવાઓ કે દસ્તાવેજોના સ્થાને રાજમહેલની પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. આધુનિક ઇતિહાસકારો તેમને મળેલી વિવિધતાસભર સાધન સામગ્રીનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરી લાંબા ગાળાની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરે છે. વિવિધ ઘટનાઓના સમાજ પર પડેલા પ્રભાવનો અભ્યાસ કરે છે. ઇતિહાસ હકીકત અને કલ્પના વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે. ઇતિહાસકાર, ઐતિહાસિક આધારોને તપાસી તેની સત્યતાનું આલેખન કરે છે. ઇતિહાસ લેખન જાણવાનાં સાધનોને બે ભાગમાં વહેંચવામાં આવે છે : (1) અલેખિત સાધનો અને (2) લેખિત સાધનો. અલેખિત સાધનોમાં પ્રાચીન પથ્થરો, ધાતુઓ, માટીનાં વાસણો, મુદ્રાખો, હાડપિંજરો, નૃવંશશાસ્ત્રીય સાધનો વગેરેનો સમાવેષ થાય છે. લેખિત સાધનો ચાર પ્રકારનાં છે : (1) ધાર્મિક સાહિત્ય, (2) ધર્મેતર સાહિત્ય, (3) સિક્કાઓ અને શિલાલેખો તથા (4) વિદેશ પ્રવાસીઓની પ્રવાસનોંધો.

## 2. ઇતિહાસ લેખન અંગે અલેખિત સાધનોની માહિતી આપો.

- ઇતિહાસકારો ઇતિહાસ જાણવાનાં સાધનોને મુખ્ય છે ભાગમાં વહેંચે છે : (1) અલેખિત સાધનો અને (2) લેખિત સાધનો. અલેખિત સાધનો પુરાતત્ત્વીય સાધનોને અલેખિત સાધનો તરીકે ઓળખવામાં આવે છે. અલેખિત સાધનોમાંથી કોઈ પણ પ્રકારની લેખિત સામગ્રી મળતી નથી. દટાયેલાં શહેરો અને ગામડાઓમાંથી મળેલી અલખિત સાધનોની મદદથી ઇતિહાસકારો વૈજ્ઞાનિક ઢબે ઇતિહાસનું સર્જન કરે છે. પ્રાચીન ભારતનો મોટા ભાગનો ઇતિહાસ અલેખિત સાધનોની મદદથી તૈયાર થયો છે. પ્રાચીન ભારતના ભૌતિક અવશેષોનો અભ્યાસ પુરાતત્ત્વશાસ્ત્રની મદદથી કરવામાં આવે છે. પુરાતત્ત્વશાસ્ત્રીઓ પ્રાચીન સ્થળોને શોધી તેનું ઉખનન (ખોદકામ) કરે છે અને મળેલા અવશેષોના આધારે આ સ્થળનો સમય નક્કી કરે છે. આ સમયના માનવીના જીવન અંગેના અનુમાનો કરી તેમનો વૈજ્ઞાનિક ઢબે ઇતિહાસ લખે છે.

  પુરાતત્ત્વીય અવશેષોમાં નગરો, મકાનો, મહાલયો, કિલ્લાઓ, તૂપો, ચેત્યો, વિહારો, મંદિરો, વાવ, તળાવ વગેરેના અવશેષો, કબરો અને હાડપિંજરો, હથિયારો અને ઓજારો, માટીનાં તેથી ધાતુનાં વાસણો અને ઘરવખરીની અન્ય ચીજો, આનંદપ્રમોદનાં સાધનો, મૂર્તિઓ અને અન્ય શિલ્પો, માટીનાં વાસણો, મંદિરો કે મહાલયોની દીવાલો પર કે કાપડ પર આલેખાયેલાં ચિત્રો અને ભરતકામો, રાજચિનો અને રાજમુદ્રાઓ વગેરેનો સમાવેશ થાય છે. અવશેષો પ્રત્યક્ષ રીતે ઐતિહાસિક માહિતી આપતાં હોતાં નથી, પરંતુ તેનું અર્થઘટન કરીને

તેમાંથી પરોક્ષ રીતે જે-તે સમયની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસકૃતિક માહિતી મેળવવામાં આવે છે. પુરાતત્ત્વશાસ્ત્રીઓએ ભારતમાં આ પ્રમાણે અનેક સાંસ્કૃતિક બાબતોની શોધ કરી છે. 14 લાખ વર્ષ પહેલાંના માનવીના પુરાવાઓથી શરૂ કરીને હડપ્પીય સંસ્કૃતિ સુધીના સમયગાળાનો ઇતિહાસ લખાયો છે, જેમાં પુરાપાષાણયુગ, મધ્યપાષાણયુગ, નવપાષાણયુગ, તામ્રપાષાણયુગ, તામ્ર કાંસ્યયુગ અને લોહયુગનો સમાવેશ થાય છે.

## 3. ઇતિહાસકારો સમય કઈ રીતે નક્કી કરે છે તે સ્પષ્ટ કરો.

- ઉખનન દરમિયાન મળી આવેલા પ્રાચીન પથ્થરો, ધાતુઓ, માટીનાં વાસણો, મુદ્રાઓ, હાડપિંજરો, નૃવંશશાસ્ત્રીય સાધનો વગેરે અવશેષોનો સમય નક્કી કરવા માટે ઇતિહાસકારો કેટલીક વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

  આ વૈજ્ઞાનિક પદ્ધતિઓમાં ‘રેડિયો કાર્બન : 14 (સી : 14) પદ્ધતિ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ પદ્ધતિ છે. આ પદ્ધતિ અનુસાર કાર્બન (સી) : 14 એ તમામ પ્રકારના સજીવોમાં રહેલું તત્ત્વ છે. સજીવના મૃત્યુ બાદ કાર્બન 14 ફરીથી વાતાવરણમાં ભળવા લાગે છે અને વાતાવરણમાં કાર્બન : 14 કેટલી હદે ભળી ચૂક્યો છે, તેના પરથી કોઈ પણ સંજીવની ઉંમર નક્કી કરવામાં આવે છે. વનસ્પતિના અવશેષો અને તેની સાથે પરાગવિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરી વનસ્પતિના અવશેષોની ઉંમર નક્કી કરવામાં આવે છે. ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસથી ખડકો અને ખાણોમાંથી કેટલા જૂના સમયમાં ધાતુઓ મળી આવી હશે, તે નક્કી કરવામાં આવે છે.

## 4. ભારતીય ઇતિહાસ લેખનની પરંપરા સમજાવો.

- પશ્ચિમના દેશોમાં ઇતિહાસ લેખન પદ્ધતિમાં ઐતિહાસિક ઘટનાઓને સમય અનુસાર ગોઠવવામાં આવે છે. પ્રાચીન ભારતીયોનો ઇતિહાસ લેખન પદ્ધતિ પશ્ચિમી ઇતિહાસ લેખન પદ્ધતિ કરતાં અલગ પ્રકારની હતી. ભારતમાં સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગ અને કળિયુગના માધ્યમથી પુરાણોમાં ઇતિહાસ લેખન થયેલું જોવા મળે છે. આ પુરાણોમાંથી શાસકો અને રાજાઓના રાજવંશોની માહિતી પ્રાપ્ત થાય છે. આ માહિતીની સાથે શાસકો અને રાજાઓની સિદ્ધિઓ અને તેમની સાથે જોડાયેલા પ્રસંગોની માહિતી પણ મળે છે. ઈસવી સનની 12મી સદીમાં કલહણે ‘રાજતરંગિણી’ નામનો કશમીરનો ઇતિહાસ લખ્યો. ડૉ. મજુમદાર જેને એકમાત્ર “ઐતિહાસિક કૃતિ”કહે છે. તેમાં અતિપ્રાચીન સમયથી 12મી સદી સુધીનો કશ્મીરનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. 18મી સદીમાં ભારતમાં અંગ્રેજોના શાસનની શરૂઆત થઈ. તેમણે પ્રાચીન ભારતનો ઇતિહાસ અને ભારતીય સમાજવ્યવસ્થા જાણવા ભારતના પ્રાચીન ગ્રંથોનો અંગ્રેજી ભાષામાં અનુવાદ કરાવ્યો. ઈ. સ. 1784માં પ્રાચીન ભારતનો ઇતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસ માટે ‘રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બંગાલ’ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાએ ‘મનુસ્મૃતિ’નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો અને તેની મદદથી જર્મન ઇતિહાસકાર મેક્સમૂલરે ભારતની ઐતિહાસિક માહિતીનું આલેખન કર્યું. અંગ્રેજોએ પ્રાચીન ભારતીય ભાષાઓ જાણવાનો પણ પ્રયત્ન ક્યોં. ઈ. સ. 1827માં અંગ્રેજ લેખક જેમ્સ પ્રિન્સેપે અશોકના શિલાલેખની લિપિને ઉકેલી તેનો અંગ્રેજી અનુવાદ કર્યો.

  વિન્સન્ટ આર્થર સ્મિથે ’અર્લી હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા’ નામનું પુસ્તક લખ્યું. જે પ્રાચીન ભારતના ઇતિહાસનો સૌપ્રથમ આધારભૂત ગ્રંથ મનાય છે. આ ગ્રંથ બ્રિટિશ દષ્ટિકોણથી લખવામાં આવ્યો હોવાથી તેમાં બ્રિટિશરોના ગુણગાન ગાવામાં આવ્યા છે. આ ગ્રંથમાં પ્રાચીન અને મધ્યકાલીન ભારતીય શાસન કરતાં બ્રિટિશ શાસનને વધુ

ઉપયોગી ગણવામાં આવ્યું છે. અંગ્રેજો એ પોતાના દષ્ટિકોણથી ભારતનો ઈતિહાસ લખ્યો તો તેની સામે ભારતના રાષ્ટ્રવાદી ઈતિહાસકારોએ ભારતીય ઈતિહાસ લખવાની શરૂઆત કરી. ભારતીય ઈતિહાસકારોએ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વિશ્વ સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો, ભારતના બે મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રવાદી ઈતિહાસકારોમાં ડૉ. આર. જી. ભાંડારકર અને વિ. કે. રાજવડેનો સમાવેશ થાય છે. સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી ભારતીય ઈતિહાસ લેખનમાં પરિવર્તન આવ્યું. ભારતના રાજકીય ઈતિહાસની સાથે ભારતનો સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઈતિહાસ પણ લખવામાં આવ્યો. એ. એલ. બાદમાં નામના ઈતિહાસકારે 'ધ વન્ડર ધેટ વૉઝ ઈન્ડિયા' નામનું પુસ્તક લખ્યું અને ડી. ડી. કોસામ્બી એ 'ઈન્ટ્રોડક્શન ઈન ધ સ્ટડી ઑફ ઈન્ડિયન હિસ્ટરી' નામનું પુસ્તક લખ્યું.

5. 'વિદેશી મુસાફરોનાં વૃત્તાંતો ભારતનો ઈતિહાસ જાણવાનું મહત્ત્વપૂર્ણ માધ્યમ છે.' સમજાવો.

- વિદેશી યાત્રાળુઓ અને રાજપૂતોએ જે-જે રાજાઓના રાજદરબારોની, સામ્રાજ્યના વિવિધ ભાગોની, ધાર્મિક સ્થળોની, અમાત્યો કે અધિકારીઓની લીધેલી મુલાકાતોનાં વર્ણનો પુસ્તકાકારે પ્રસિદ્ધ થયાં છે. આ લખાણો ઈતિહાસનાં આધારભૂત સાધનો તરીકે મહત્ત્વનાં છે. ગ્રીક ઈતિહાસકારોને લીધે જ ભારતના ઈતિહાસની કાળગણના સુનિશ્ચિત બની છે.

1. ગ્રીક ઈતિહાસકારો : પ્રાચીન ગ્રીસના મહાન ઈતિહાસકાર હેરોડોટસનાં લખાણોમાં ભારત વિશેની ઘણી માહિતી છે. સિકંદરની સાથે ભારતમાં આવેલા ઈતિહાસકારો અને લેખકોમાં રોરેસ્ટૉબુલસ, નીઆર્કસ વગેરેનો સમાવેશ થાય છે. તેમણે લખેલાં સિકંદરની ચડાઈનાં અને વિજયોનાં લખાણોનું ઘણું મૂલ્ય છે. મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના દરબારમાં સિકંદરના અનુગામી સેલ્યુકસ નિકેતરના રાજદૂત તરીકે આવેલા મૅગેસ્થનીસના ગ્રંથ 'ઈન્ડિકા'માંથી મૌર્ય સમયના ઈતિહાસ માટેની મહત્ત્વની સામગ્રી મળી આવે છે. જોકે આ ગ્રંથ પ્રાપ્ય નથી, છતાં તેની પછીના ગ્રીક ઈતિહાસલેખકો એરિયન, પ્લટાર્ક, જસ્ટિન, સૂંબો વગેરેએ તેમાંથી જે અવતરણો ટાંક્યાં છે તે જળવાઈ રહ્યાં છે. આ વર્ણનની સાથે કૌટિલ્યના અર્થશાસ્ત્રની માહિતી આબેહુબ મળતી આવે છે. રોમન ઈતિહાસકાર પ્લીની અને લિવીનાં ભારત વિશેનાં લખાણો ખૂબ ઉપયોગી છે. મૌર્ય રાજા બિંદ્યારના સમયમાં એન્ટીઓક્સે મોકલેલા રાજદૂત ડાયાએચસે ભારતની તે સમયની પરિસ્થિતિનું વર્ણન તેના પુસ્તકમાં કર્યું છે. કોઈક અનામી લેખ કે લખેલા ''પેરીપ્લસ ઑફ ધી એરીથેનિયન સી'' નામના ગ્રંથમાં પ્રાચીન ભારતના વેપાર, વાણિજ્ય અને સમુદ્રકિનારો તથા બંદરો વિશે મહત્ત્વની માહિતી છે. ઈતિહાસકાર પ્લીનીએ ભારતના વેપારની પ્રશંસા કરી છે. 'ટોલેમી' નામના ઈજિપ્તના વિદ્વાને લખેલી તે સમયના ભારતની ભૂગોળ 'નેચરલ જિયોગ્રાફી' અને રજૂ કરેલા પ્રાકૃતિક નકશા આજે પણ ખૂબ ઉપયોગી છે. સ્ટ્રબો એ આપેલ ભારતની ભૌગોલિક અને ઐતિહાસિક માહિતી પણ મૂલ્યવાન ગણાય છે.

2. ચીની પ્રવાસીઓનાં લખાણો : પ્રાચીન સમયમાં ચીનમાંથી ભારતનાં બૌદ્ધ તીર્થસ્થાનોની યાત્રાએ આવેલા પ્રવાસીઓએ લખેલા પ્રવાસવર્ણનોનું ઐતિહાસિક મૂલ્ય છે. ચીનમાંથી ગુપ્તયુગમાં ફાહિયાન અને સુંગયુન, સમ્રાટ હર્ષના સમયમાં યુએન-વાંગ તથા પ્રાચીન યુગના અંત સમયે ઈતસિંગ ભારતની યાત્રાએ આવ્યા હતા. તેમણે પોતાના ગ્રંથોમાં જે-તે સમયના ભારતની રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિઓનું બહું ઝીણવટભર્યું વર્ણન કર્યું છે. ફાહિયાન ચંદ્રગુપ્ત બીજા વિક્રમાદિત્ય)ના સમયમાં ભારતમાં આવ્યો હતો. તેણે નાલંદા અને વિક્રમશિલા વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી. તેનાં લખાણોમાં ગુપ્તયુગની જાહોજલાલી અને

સમૃદ્ધિનું વર્ણન છે. તેણે લખેલા પુસ્તક 'ફોન ક્વોકી'માંથી ગુપ્ત સમયના વેપાર, આર્થિક સમૃદ્ધિ અને રાજમહેલોની ભવ્યતા, રાજવહીવટ વગેરેની માહિતી મળે છે. ઈ. સ. 518માં ચીનમાંથી સુંગયુન નામનો બોદ્ધ યાત્રાળુ ભારત આવ્યો હતો. તે પોતાની સાથે બોદ્ધ ધર્મના મહાયાન સંપ્રદાયના 170 પુસ્તકોની નકલો કરી લઈ ગયો હતો. ઈ. સ. 629માં યુએન-શ્વાંગ ભારતમાં આવ્યો. તે સમયે સમ્રાટ હર્ષવર્ધનનું શાસન હતું તે કુલ 16 વર્ષ ભારતમાં રહ્યો હતો. તે ચીન પરત ફર્યો ત્યારે પોતાની સાથે કુલ 657 ગ્રંથોની નકલો કરી લઈ ગયો હતો. તેણે પોતાના પુસ્તક 'સી-યુકી'માં હર્ષવર્ધનના સમયની ભારતની રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિનો વર્ણન કર્યું છે. ઈ. સ. 673થી 695 દરમિયાન ભારતમાં રહેલા ચીની યાત્રાળુ ઇત્સિંગની પ્રવાસનોંધમાંથી પ્રાચીન ભારતના છેલ્લા દાયકઓનો ઇતિહાસ જાણવા મળે છે.

3. મુસ્લિમ લેખકો : ઈસુની આઠમી સદીમાં ભારતમાં ઇસ્લામનો પ્રવેશ થતાં આરબ વેપારીઓ, વહાણવટીઓ અને લેખકોના લખાણો ભારત વિશેની માહિતી આપી છે. સુલતાન મહમૂદ ગઝનવી સાથે આવેલા અલ બેરુનીએ લખેલા 'તારીખે-હિંદ'માંથી ભારત વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. તે ભાષા અને ગણિતનો વિદ્વાન હતો. તેણે ભારતીય ભાષાનાં ઘણાં પુસ્તકોનો અરબી ભાષામાં અનુવાદ કર્યો હતો. આ બધાં પ્રવાસવર્ણનો અને લેખકોનાં પુસ્તકો ઈતિહાસની પ્રાથમિક આધારસામગ્રી તરીકે ખૂબ ઉપયોગી છે.

### 6. પ્રાચીન ભારતનો ઇતિહાસ જાણવા માટેનાં વૈદિક સાહિત્યની સમજૂતી આપો.

- પ્રાચીન ભારતનો ઇતિહાસ જાણવા માટેના વેદિક સાહિત્યની સમજૂતી નીચે પ્રમાણે છે : વૈદિક સાહિત્ય એટલે વૈદિક યુગનું ધાર્મિક સાહિત્ય. વૈદિક સાહિત્યમાં વેદો (ઋગવેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ) બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, સૂત્રગ્રંથો વગેરેનો સમાવેશ થાય છે. ઋગવેદ સૌથી પ્રાચીન ગ્રંથ છે. તેમાંથી આર્યોની ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકીય સ્થિતિની માહિતી મળે છે. જ્યારે વૈદિક યુગની રાજ્યવ્યવસ્થા અને સમાજજીવનની માહિતી મુખ્યત્વે અથર્વવેદમાંથી મળે છે તથા વાલ્મિકી કૃત 'રામાયણ' એના વેદવ્યાસ કૃત 'મહાભારત'માંથી અનુવૈદિક યુગની માહિતી મળે છે. આ ઉપરાંત અથર્વવેદમાં જાદુ, વશીકરણ અને મંત્ર-તંત્ર વિદ્યાની માહિતી છે. ઉપનિષદો માનવજીવનનાં સનાતન સત્યો અને આદર્શો રજુ કરતા તત્ત્વજ્ઞાનના ઉત્તમ કોટિના ગ્રંથો છે. ... 18રાણોમાં અનેક વંશો અને તેમના રાજાઓની માહિતી છે. આ ઉપરાંત તે સમયના સમાજ, ધર્મ, અર્થકારણ, વહીવટ વગેરેની માહિતી પણ છે. આથી કેટલાક વિદ્વાનો પુરાણોને ઇતિહાસના ગ્રંથો માને છે. 'રામાયણ' ઉત્તર અને દક્ષિણનું, કાળા અને ગોરાનું અદ્ભુત ઐક્ય સાધીને ભારતની રાજકીય એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. 'મહાભારત'માં કૌરવો અને પાંડવો વચ્ચેની યુદ્ધકથાનો ઇતિહાસ છે. યુદ્ધભૂમિ પર કૃષ્ણ અર્જુનને આપેલો ઉપદેશ 'શ્રીમદ્ ભગવદગીતા'ને નામે ઓળખાય છે.

### 7. "શિલાલેખો અને અભિલેખો ભારતનો ઇતિહાસ જાણવાનાં અગત્યનાં સાધનો છે." સમજાવો.

- શીલાઓ અને પથ્થર પર કોતરવામાં આવેલા લેખો, તાંબાના પતરા પર લખવામાં આવેલા તામ્રપત્રો અને અભિલેખો ભારતનો ઇતિહાસ જાણવાનાં અગત્યનાં સાધનો છે. શિલાલેખો, સ્તંભલેખો, ગુફાલેખો , તામ્રપત્રો

વગેરે ઉપરથી રાજાઓનાં નામ, સાલ, વંશ, મુદ્રા, સિદ્ધિઓનું વર્ણન , લખાણની ભાષા, શૈલી અને રજૂઆત, શાસનવ્યવસ્થા, રાજાની હકુમતનો વિસ્તાર, તેના સમયની સ્થિતિ વગેરેનો ખ્યાલ આવે છે. જેમ કે, ભારતભરમાં પથરાયેલા મૌર્ય સમ્રાટ અશોકના આશરે 25થી વધુ શિલાલેખો, જો ના શિલાલેખો ન હોત અથવા તેની લિપિ ઉકેલાઈ ન હોત, તો અશોકના જીવનના યાદગાર પ્રસંગો, તેની કલ્યાણકારી અને ધાર્મિક પ્રવૃત્તિઓની માહિતી ઇતિહાસ પાસે ન હોત . ઓડિશામાં ઉદયગિરિ પર્વતમાં કોતરાયેલી હાથીગુફાનો શિલાલેખ કલિંગના મહાપ્રતાપી રાજા ખારવેલની, એહોલનો અભિલેખ ચાલુક્ય રાજા પુલકેશી બીજાની અને અલાહાબાદનો સ્તંભલેખ ગુપ્તસમ્રાટ સમુદ્રગુપ્તની લશ્કરી સિદ્ધિઓની માહિતી પૂરી પાડે છે.

વાકાટકોના 55જેટલા અભિલેખો તેમના રાજકીય અને સાંસ્કૃતિક જીવનની માહિતી આપે છે . કવિઓ દ્વારા રાજાઓની પ્રશંસા કરવા માટે લખવામાં આવેલા લેખોને ‘પ્રશસ્તિ’ કહે છે. અશોકના શિલાલેખો પ્રાકૃત ભાષામાં બ્રાહ્મીલિપિમાં લખાયેલા છે. ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી મળી આવેલા અશોકના શિલાલેખો ખરોષ્ઠી લિપિમાં અને અફઘાનિસ્તાનમાંથી મળી આવેલા શિલાલેખો આરામી (ગ્રીક) લિપિમાં લખાયેલા છે. ઈ. સ. 1827માં જેમ્સ પ્રિન્સેપે અશોકના શિલાલેખોની બ્રાહ્મીલિપિને ઉકેલી હતી. બ્રાહ્મીલિપિ ડાબી બાજુથી જમણી બાજુ અને ખરોષ્ઠી લિપિ જમણી બાજુ થી ડાબી બાજુ લખવામાં આવતી હતી. સાતવાહન રાજાઓના શિલાલેખો નાશિક (મહારાષ્ટ્ર) અને તેની આજુબાજુના પ્રદેશોમાંથી મળી આવ્યા છે. વ્યક્તિગત અને સરકારી એમ બે પ્રકારના અભિલેખો મળ્યા છે. હરિષણ દ્વારા રચિત સમુદ્રગુપ્તનો પ્રયાગ અભિલેખ પ્રશસ્તિ તરીકે પ્રાપ્ત થયો છે. આ અભિલેખ અશોક સ્તંભ પર કોતરાવેલ છે. આ ઉપરાંત રાજા ભોજનો ગ્વાલિયર પ્રશસ્તિલેખ, કલિંગના રાજા ખારવેલનો હાથીગુફા અભિલેખ, ગૌતમીનો નાશિકગુફા અભિલેખ , બંગાળના રાજા વિજયસેનનો દેવપાડો અભિલેખ, ચાલુક્ય રાજા પુલકેશી બીજાનો એહોલ અભિલેખ વગેરે ખૂબ મહત્ત્વના ઐતિહાસિક સ્રોત છે. તામ્રપત્ર કોઈ બ્રાહ્મણ, મંદિર કે બોદ્ધવિહારને અપાયેલા ભૂમિદાનનો તાંબાના પતરા ઉપર લખાયેલો દસ્તાવેજ છે. તામ્રપત્રોને કારણે જે-તે સમયનો રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક ઇતિહાસ પ્રાપ્ત થાય છે. ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી સેંકડો તામ્રપત્રો મળી આવ્યાં છે. સૌરાષ્ટ્રમાં વલભીના પ્રતાપી મૈત્રકવંશી રાજાઓનો ઇતિહાસ અને ભૂમિદાનો વિશેની માહિતી તેમનાં તામ્રપત્રો પૂરી પાડે છે. બાસખેરા અને મધુવનનાં તામ્રપત્રો સમ્રાટ હર્ષવર્ધનના રાજ્યકાળની માહિતી આપે છે. વ્યક્તિગત અભિલેખો મોટે ભાગે મંદિરોમાંથી પ્રાપ્ત થયા છે. તેનાં પર દર્શાવેલ તારીખ તે અભિલેખોનો સમય દર્શાવે છે. તેમાંથી ભાષા અને લિપિ અંગેની માહિતી મળે છે.

ગુપ્તયુગના અભિલેખો સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. વિદેશોમાંથી મળી આવેલા અભિલેખોમાંથી ભારતનો ઇતિહાસ જાણવા મળે છે. એશિયા માઈનોર(તુર્ક) માં આવેલા બોગઝકોઈ નામના સ્થળેથી ઈ. સ. પૂર્વે 1400માં લખાયેલો અભિલેખ મળ્યો છે. જેમાં વૈદિક યુગના દેવતાઓની નોંધ છે. પર્સિપોલિસ અને બહિસ્તૂન અભિલેખોમાંથી ભારત પર થયેલા ઈરાની આક્રમણની માહિતી છે. ઇજિપ્તના તેલ-અલ-અમનમાંથી મળી આવેલી માટીની તકતીઓ પર ઈરાન અને ભારતના રાજાઓ જેવા બેબીલોન રાજાઓનાં નામ લખાયેલા છે.

આમ, શિલાલેખો અને અભિલેખોમાંથી જે તે સમયના રાજા, તેમનો રાજ્યવિસ્તાર, રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક વગેરે બાબતોનો ઇતિહાસ પ્રાપ્ત થાય છે.